GNLUમાં ફેક ન્યૂઝ વેરિફિકેશન ટ્રેનિંગ વર્કશોપ યોજાયો

# ફોરવર્ડ કરાયેલા વીડિયો કે ફોટોઝ શેર કરતાં પહેલાં અચૂક ખરાઈ કરો

## GOOGLE WORKSHOP

સિટી રિપોર્ટર . અમદાવાદ

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(જીએનએલયુ), ગુજરાત મીડિયા ક્લબ અને ગૂગલ ન્યૂઝ ઈનિશ્યટિવ ઈન્ડિયા ટ્રેનિંગ નેટવર્કના સહયોગથી ગુરુવારે જીએનએલયુ કેમ્પસ ખાતે 'ગૂગલ ફેક્ટ ચેકિંગ એન્ડ ઓનલાઈન વેરિફિકેશન ટ્રેનિંગ' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયા સાથે જોડાયેલા મીડિયાકર્મીઓએ ભાગ લઈને કઈ રીતે સોશિયલ મીડિયા થકી વાઈરલ થતાં સમાચારો જેવા કે વીડિયો ક્લિપ, ફોટોઝ અને ફેક ન્યૂઝને વેરિફાઈ કરવા તે અંગે ગૂગલના ન્યૂઝ વેરિફિકેશન ટ્રેનર શિલ્પી જ્હા પાસેથી તાલીમ મેળવી હતી.

શિલ્પી જ્હાએ કહ્યું કે, સોશિયલ મીડિયા પર તમે કોઈપણ ફોરવર્ડ મેસેજ, વીડિયો કે ફોટોઝ અન્ય વ્યક્તિઓને શેર કરો છો ત્યારે આ વીડિયો કે ફોટોઝ સાચા અને હકીકતમાં આવી કોઈ ઘટના બની છે કે નહીં તેની અચૂક ખરાઈ કર્યા બાદ જ શેર કરવાનો આગ્રહ રાખો.

## વીડિયો-ફોટોની ખરાઈ કર્યા વિના જ થાય છે ફોરવર્ડ



● 'સોશિયલ મીડિયાનો વ્યાપ વધતા લોકો ઘણીવાર વીડિયો કે ફોટોઝની ખરાઈ કર્યા વિના જ ગ્રૂપમાં ફોરવર્ડ કરતા હોય છે જેના કારણે દેશમાં અરાજકતા અને તંગદીલી ફેલાતી હોય છે. આથી મીડિયાકર્મીઓની જવાબદારી છે કે તેઓ આ પ્રકારના સોશિયલ મીડિયામાં વાઈરલ થતા વીડિયો કે ફોટોઝની ખરાઈ કરીને પબ્લિકને સાચી માહિતી પહોંચાડે'. - શિલ્પી જ્હા, ગૂગલ ટ્રેનર

### એક્સપર્ટ ટિપ્સ

- વાઈરલ વીડિયો કે ફોટોઝને ગૂગલ કે યૂ-ટ્યૂબમાં સર્ચ કરીને તે પહેલા યુઝ થયો છે કે નહી તે ચેક કરો.
- વીડિયોમાં છેડછાડ થઈ છે તો બિગ સ્ક્રીન પર જોઈને તેના બેકગ્રાઉન્ડના આધારે ખરાઈ કે ભૂલો શોધો.
- ફોટોશોપ ટૂલ્સનો યુઝ થયો છે તો ગૂગલ રિવર્સ ઈમેજ સર્ચ દ્વારા ખરાઈ કરો.
- ટ્વિટર પર થયેલી પોસ્ટ અંગે પોસ્ટ કરનાર વ્યક્તિના અન્ય સોશિયલ મીડિયા હેન્ડલ ચેક કરો.
- વીડિયોની યુઆરએલ ક્યારે જનરેટ થઈ છે તે ચેક કરો.
- ગૂગલ સિવાયના અન્ય સર્ચ એન્જિન પર જઈને સર્ચ ઈમેજમાં ખરાઈ કરો.

Scanned by CamScanner